ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૬-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### ડ્રેગન આડો ફાટે છે

ચીને મોદીની હાજરી ટાણે જ એના અધિકૃત અખબારમાં ભારતનો જમ્મુ-કાશ્મીર અને અરૂણાચલ વિહોલો બૂચો નકશો પ્રકાશિત કરી પોત પ્રકાશી દીધું હતું. વડાપ્રધાને એ મુદ્દે ચીની સત્તાધારીઓનું ધ્યાન પર દોર્યું જ હતું. ખંધા ચીની નેતાઓ સરહદી વિવાદના મુદ્દે પરસ્પર ચર્ચા વિચારણા કરી સુલેહભર્યો ઉકેલ આણવાનું નિવેદન કરી છટકી ગયા હતા. મોદીની મહેમાનગતી માણ્યા પછીના થોડાક જ દિવસોમાં પાકિસ્તાનના લશ્કરી વડા અને વિદેશમંત્રીને ચીને ખાતરી આપી હતી કે પાકિસ્તાનને પોતે 'કુદરતી દોસ્ત' - નેચરલ એલાઇ - ગણે છે. પાકિસ્તાને હરહંમેશ ચીનની પડખે રહી એનો આ વિશ્વાસ સંપાદિત કર્યો છે. ચીનને આઝાદ કાશ્મીરમાં થઇ ધોરી માર્ગ બનાવી કરાંચી નજીકના ગદર બંદર સુધી આવવાની અનુકૂળતા કરી આપીને પાકિસ્તાને ચીન પ્રત્યેના એના સાનુકૂળ વલણની પ્રતીતિ કરાવી ત્યારે ભારત જ નહીં, અમેરિકા પણ વંકાયું જ હોય. પરંતુ પાકિસ્તાન અમેરિકાની મજબૂરી બરાબર પામી ગયું છે - એને અફઘાનિસ્તાન કે ઇરાન-ઇરાક પર ધૌંસ જમાવવા માટે જો ભારતીય ઉપખંડમાં જમીનનો ઉપયોગ કરવો પડે તો એ ફક્ત પાક જ ઉપલબ્ધ કરાવતું રહ્યું છે. એટલે ચીન સાથેની પાકિસ્તાનની નિકટતા અમેરિકાને કઠતી હોય તો પણ એ વિરોધ કરી શકે એમ નથી. ભારતને પાકિસ્તાન અને ચીન 'નેચરલ એનિમી' કુદરતી દુશ્મન રાષ્ટ્ર ગણે છે તે સર્વવિદિત છે. ભૂતકાળમાં જયારે પણ યુદ્ધની સ્થિતિ સર્જાઇ છે ત્યારે ચીને પાકિસ્તાનની ખુલ્લી તરફેણ કરેલી છે. હમણાં છેલ્લે ૨૬/૧૧ના ગુનેગાર ઝકીઉર રહેમાન લખવીના મુદ્દે ભારતે યુનોમાં કરેલી રાવ સામે ચીને જે વલણ અપનાવ્યું છે, તે એની પ્રસ્થાપિત પાક તરફ સ્ટ્રેટેજીનો જ પુરાવો છે. સંયુક્ત રાષ્ટ્રના પાંચ કાયમી સભ્યો પૈકી ચાર રાષ્ટ્રોએ લખવીની ફરી ધરપકડ કરી એની સામે કેસ ચલાવવાની તરફેણ કરી પરંતુ ચીન આડું ફાટ્યું. એણે પાકિસ્તાનના વલણનું સમર્થન કર્યું. લખવી વિરુદ્ધ ભારત કોઇ મજબુત પુરાવા રજૂ નહીં કરી શક્યું હોઇ પાકિસ્તાનની અદાલતે એને છોડવો પડ્યો છે, એટલે હવે એની ફરી ધરપકડ કરવાની ભારતની માગણી ગેર વાજબી છે, એવું કહી ચીને ફરી એક વાર એની જાત બતાવી દીધી છે. લશ્કરી તૌયબાના ઓપરેશન કમાન્ડરને અમેરિકા સહિત તમામ યુરોપીય રાષ્ટ્રો ખૂંખાર આતંકવાદી ગણે છે. એની સામે કેસ ચલાવી એને સખત સજા કરાવવા માગતા લોકશાહી દેશો સામે પણ ચીનના ડ્રેગને ઘુરકીયું કર્યું છે. મુંબઇ હુમલાના આ માસ્ટર માઇન્ડ સામે ઢગલાબંધ નક્કર પુરાવા, કલાસનું નિવેદર વગેરે પાકિસ્તાનને સોંપાયેલ હોવા છતાં આઇએસઆઇ અને પાક આર્મીની શેહમાં દબાયેપ પાક સરકારે જાણી જોઇને લખવીનો કેસ ઢીલા પાડી એને અદાલતી રાહે 'નિર્દોષ' જાહેર કરાવ્યો છે. એ જ નવાજ શરીફ સાથે વડાપ્રધાન મોદી સંબંધો સુધારવાનાં સપનાં જોતા રહ્યાં છે. ચીન અને પાકિસ્તાન બેઉ ભેગાં મળીને ભારતને મૂરખ બનાવી રહ્યાં છે, છતાં ભારત એમની ચટાઇઓ ખરીદી રાજપથને યોગપથ બનાવી શકે છે. 'હિંદી-ચીની ભાઇભાઇ'નું નહેરુને નડેલું સૂત્ર ફરી એક વાર નહેરુ માર્ગે ચાલી વિશ્વનેતા બનવાની ઉમેદ ધરાવતા ગુજરાતી વડાપ્રધાનને નડી રહ્યું છે, એમાં કોઇ શંકાને સ્થાન ખરું?



### એસ.જી. પ્રાથમિક શાળા દ્વારા 'નો પ્લાસ્ટિક ડે' ઉજવાયો

ગાંધીનગરના સે-૨ ૩ની એસ.જી. પ્રાથમિક શાળામાં આજે 'નો પ્લાસ્ટિક ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત જુદા જુદા સ્થળોએ નગરજનોને કાપડની થેલીઓ આપી પ્લાસ્ટિકની બગનો ઉપયોગ ન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. શાળામાં ધોરણ ૫ થી ૮ના બાળકોને જીવનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના પાંચ પાંચ બાળકોની ટીમે સાથે એક શિક્ષકના માર્ગદર્શન હેઠળ, નગરના વિવિધ સ્થળો જેવા કે સચિવાલય, પથિકાશ્રમ, સિવિલ હોસ્પિટલ, ઘ-૬ સર્કલ, કડી સર્વ વિદ્યાલય કેમ્પસ, એલ.ડી.આર. કેમ્પસ, પર કાપડની થેલીઓનું વિતરણ કર્યું હતું અને 'નો પ્લાસ્ટિક ડે'ના બેનર્સ પ્રદર્શન કરી નગરજનોને પ્લાસ્ટિના ગેરફાયદા જણાવ્યા હતા. શાળાના શિક્ષકો દ્વારા બાલકોને પ્લાસ્ટિકનો ઉપયોગ કેટલો હાનિકારક અને વિનાશક છે તે સમજાવ્યું હતું. આ અંગે શાળાના આચાર્ય એ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

### ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૨૪

રાંધેજા ખાતે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં તા.૧૩-૬-૨૦૧૫ શનિવારના રોજ વૃક્ષારોપણ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કુલના આચાર્યાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતતા કેળવાય તે હેતુથી શાળા પરીવારના નાના ભૂલકાઓથી લઈ મોટા બાળકોએ નાટક, ભજન, ગીત તેમજ પ્રેરણાદાયી વકતવ્ય દ્વારા વૃક્ષારોપણનો ઉત્સાહ પુરો પાડી નવી ચતના જગાવી હતી. રાંધેજા ગામના ગ્રામજનોએ પણ તેમના ફળીયામાં જઈ વૃક્ષો વાવવા પ્રોત્સાહીત કર્યા હતા અને ગામમાં વૃક્ષારોપણ કર્યું હતું. શાળા પ્રાંગણમાં શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીએ વિવિધ પ્રકારના વૃક્ષો રોપીને વૃક્ષો પ્રત્યેની જાગૃત જયોત જગાવી હતી.

### ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહીઓના અવલોકનની પ્રક્રિયા યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાનપ્રવાહ ચોથુ સેમેસ્ટર એપ્રિલ/માર્ચ ૨૦૧૫ની ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકન માટે જે વિદ્યાર્થીઓએ અરજી કરેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા તા. ૨૬-૬-૨૦૧૫થીતા ૨૭-૬-૨૦૧૫ સુધી રાખવામાં આવેલ છે. ઉત્તરવહી અવલોકન માટે અરજી કરનાર ઉમેદવારોને ઉત્તરવહી અવલોકન માટેનો સમય તારીખ દર્શાવતા કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવેલ છે અને એસએમએસ પણ કરેલ છે. આ ઉપરાંત બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર પોતાના બેઠક નંબર સામે અવલોકનનો સમય અને તારીખની વિગતો જોવા મળશે. તે જોઈને નિયત તારીખ અને સમયે બોર્ડની કચેરી ખાતે હાજર રહેવા જણાવવામાં આવ્યુંછે.

# વિદ્યાર્થીનાં બધા રેકોર્ડ ટૂંકમાં ઓનલાઈન કરાશે : યુનિવર્સિટી

### ૬૭ વર્ષ કરતા વધુ સમયથી સક્રિય યુનિવર્સિટીમાં લાખો વિદ્યાર્થી વિવિધ વિષયોમાં પીએચડીની પદવી મેળવી છે

અમદાવાદ, તા.૨૪

રાજયની સૌથી મોટી એવી ગુજરાત યુનિવર્સિટીમાં ડિજિટલાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત યુનિવર્સિટીની વિવિધ બ્રાન્ચની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનાં ઓરિજનલ રેકર્ડ ઓનલાઈન મુકવા માટેની કાર્યવાહી શરૂ કરાઈ છે. ગત જુનથી શરૂ કરવામાં આવેલી કાર્યવાહી છથી આઠ મહીનામાં પૂર્ણ કરવામાં આવનાર છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ છેલ્લા ૬૭ વર્ષ કરતા વધુ સમયથી કાર્યરત ગુજરાત યુનિવર્સિટીમાં લાખો વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં સ્નાતક-અનુસ્નાતક-પીએચડીની પદવી મેળવી છે. યુનિવર્સિટીએ પરીક્ષા પાસ કરી ચુકેલી વિદ્યાર્થીઓઓ આજે દુનિયાનાં દરેક ખુણામાં પ્રસરી ચુક્યા છે. જેમને જ્યારે પણ પોતાનાં ડોક્યુમેન્ટનીં જરૂર પડે ત્યારે તેમને અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીનાં ધક્કા ખાવા પડે છે. પરીણામે નાણાં-સમયનો વ્યય થાય છે. ત્યારે આ સમસ્યા દુર કરવાનાં હેતુસર ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓના પરિણામને આવરી લેતો તમામ ઓરીજનલ રેકોર્ડ વિદ્યાર્થીઓઓને ઓનલાઈન મળી રહે તે હેતુસર ડીઝીટલાઈઝેશન માટેની કાર્યવાહી જુનના પ્રથમ સપ્તાહથી પુરજોશમાં શરૂ કરાઈ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓના ઓઆર ઓનલાઈન મુકવા માટે સ્કેનીંગ-કલીનીગ મેટા ડેટા તૈયાર કરાશે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ એમએન પટેલે જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લા દશકમાં સાયન્સ-કોમર્સ-આર્ટસ સહિતની સ્ટ્રીમમાં સ્નાતક-અનુસ્નાતકની પદવી મેળવનારા વિદ્યાર્થીઓના પરિણામને આવરી લેતા ઓરીજનલ રેકોર્ડ ઓનલાઈન તૈયાર કરવાનું અભિયાન હાથ ધરાયું છે.

યુનિવર્સિટીના વિદેશમાં અભ્યાસ કરવા જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ડોક્યુમેન્ટસ વેરીફીકેશન માટે હવે ગુજરાત યુનિવર્સિટી સુધી આવવું નહી પડે તેમજ કોમ્પ્યુટર પર મુકાયેલા ઓઆરના આધારે ઓનલાઈન વેરીફીકેશન કરી શકાશે.ઉપરાંત સિક્યોરીટી ફીચર્સ મુકવામાં આવશે.

### સીનીયર સીટીઝનો માટેની કાનૂની શિબિર યોજાશે

સેકટર-૨માં નિવાસ કરતા ગાંધીનગર શહેર-પેન્શનર્સ સમાજના મિત્રોનો તા. ૨૭મી જુનના રોજ સાંજે પાંચ વાગે શોપીંગ સેન્ટર સામેના બગીચામાં સીનીયર સીટીઝન-વયસ્કોનો મળવાપાત્ર લાભો/અધિકારો અંગે કાનુની શિબિરનું આયોજન કરેલ છે. જેમાં નામદાર કોર્ટ દ્વારા માર્ગદર્શન આપવા નિમાયેલા માનદ્ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યવાહક સમિતિ વતી શ્રી નિરંજભાઈ ઓઝાએ જણાવેલ છે.

## ગાંધીનગરના રાજપૂત સમાજ તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં વસતા રાજપૂત પરિવારના માટે તેજસ્વી તારલાઓને સન્માનવા અને ઈનામ વિતરણનો કાર્યક્રમ આગામી તા. ૧૨-૭-૨૦૧૫ રવિવારના રોજ બપોરે ૧૪.૦૦ કલાકથી સાંજે ૧૭.૦૦ કલાકે રાજપૂત ભવન સેક્ટર-૧૨ ખાતે યોજવાનું નક્કી કરેલ છે. જે કાર્યક્રમમાં ભાગલેવા રાજપૂત સમાજના વિદ્યાર્થીઓ તથા વિશિષ્ટ વ્યક્તિઓએ તેઓના સન્માન અંગેના પુરાવા અને માર્કશીટ તા. ૭-૭-૨૦૧૫ના રોજ સુધી સમય મર્યાદામાં મોકલી આપવા જણાવાયું છે. ધો. ૧ થી ૯ માટે ૮૦ ટકા અને ધો. ૧૦, ૧૧, ૧૨ અને મેડીકલ, એન્જીનીયરીંગ, આર્ટસ કોમર્સ, સાયન્સ, તેમજ તમામ કોલેજના વિદ્યાર્થીઓ માટે ૭૦ ટકા સુધીની મર્યાદા રાખેલ છે તે મુજબ માર્કશીટની ઝેરોક્ષ નકલ મોકલી આપવા જણાવાયું છે.

હાલમાં રાજપૂત સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે તા. ૬-૬-૨૦૧૫ના રોજથી રાહત દરે ચોપડાનું વિતરણ ચાલું છે. જેમાં ધોરણ-૫ થી કોલેજ સુધીની માર્કશીટની નકલ રજુ કરી વહેલા તે પહેલાના ધોરણે ચોપડાનું વિતરણ કરવામાં આવે છે.

## ડુંગરી ગરાસિયા સમાજ દ્વારા તાલીમ વર્ગનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સમસ્ત આદિજાતિ સમાજના યુવાનો માટે નાયબ સેકનશ અધિકારી, નાયબ મામલતદાર, નાયબ ચીટનીશ, મુખ્ય સેવિકા, તલાટી તથા કલાર્ક માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે તા. ૧૦-૫-૨૦૧૫ના રોજથી તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યા છે. આ તાલીમ વર્ગમાં સમાજના ૧૨૫ થી પણ વધુ યુવક-યુવતિઓ ઉપસ્થિત રહી તાલીમ મેળવે છે. ટુંક સમયમાં જ પરીક્ષાઓ યોજાવાની હોવાનું ધ્યાનમાં રાખી દર શનિવાર અને રવિવાર ઉપરાંત જરૂરીયાત મુજબ વધારાના દિવસોએ લેકચર ગોઠવી સવારના ૯.૩૦ થી સાંજના ૧૬.૧૫ કલાક દરમ્યાન, બપોરના જમવાની વ્યવસ્થા સાથે વિના મૂલ્યે ઘનિષ્ઠ તાલીમ પુરી પાડવામાં આવી છે. તમામ તાલીમાર્થીઓને આવશ્યક પુસ્તકો તથા તજજ્ઞ વક્તાઓ સૂચવે તે પ્રકારનું પરીક્ષાલક્ષી સાહિત્ય પણ વિના મુલ્યે પુરૂ પાડવામાં આવ્યું છે.

ટ્રસ્ટ દ્વારા પ્રથમ વખત યોજાયેલા તાલીમ વર્ગ માટે ટ્રસ્ટના પ્રમુખ ડૉ. કે.એન. બામણીયાના નેતૃત્વમાં બ્રિજેશ બી. મોડિયા દ્વારા તજજ્ઞ વ્યાખ્યાતાઓના વ્યવસ્થાપન સહયોગથી તાલીમ વર્ગના કન્વીનર ભરત વી. મોડિયા તથા ટ્રસ્ટના કારોબારીના સક્રિય સભ્ય અને પૂર્વ પ્રમુખ કાંતિભાઈ ડામોર અને અન્ય સહયોગી સભ્યો પી.એમ. ખાંટ, સુરેશભાઈ ગામેતી, નરેશભાઈ ગામેતી તથા જયંતિભાઈ નિનામાના સહયોગથી સુચારૂ સંચાલન કરવામાં આવ્યું હતું.

તાલીમ કાર્યક્રમના સમાપન કાર્યક્રમમાં ડૉ. એમ.ડી. મોડિયા, આઈ.એ.એસ. ડી.ડી.ઓ. આણંદ, પ્રાયોજના વહીવટદાર દાહોદ, બી.ડી. નિનામા તથા જયંતિભાઈ નિનામા આસીસ્ટન્ટ કમિશનર સેલ્સ ટેક્ષે યુવાનોને સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

### સિદ્ધાર્થ લૉ કોલેજમાં ઓરિએન્ટેશન લેક્ચર યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કોલેજમાં એલએલબી પાંચ વર્ષ (ધોરણ-૧૨ પછીના) તેમજ ત્રણ વર્ષ (સ્નાતક પછીના) તેમજ એલએલ.એમ. અભ્યાસક્રમના રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવા અંગેનો તા. ૨૨-૬-૨૦૧૫ના દિવસે ઓરિએન્ટેશન લેક્ચરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. દિલીપ એ. મેવાડા તથા પ્રોફેસર ગણે વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત કોલેજમાં તા. ૨૧મી જૂને યોગ દિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી.

## અચાનક જોરદાર વાદળનો કડાકો સંભળાય, સાથોસાથ વીજળીના ચમકારા બારીબારણાની તિરાડો સોંસરવા હાજરી પુરાવી દે, પહેલો વરસાદ જોતાં બાળકો કુદરતની આ લીલાને સમજી ના શકે અને ગભરાઇને મા ની સોડમાં ભરાઇ જાય...

### મોસમનો પહેલો વરસાદ

રણછોડ વી. પરમાર

મોડા મોડાય મેઘરાજા પાંચમી જૂને કેરળમાં પધરામણી કરી ચૂક્યા છે. આ વેળા મોડા પડવાથી થોડા અધીરા થઇ ગયા હોય એમ બીજા દિવસે તો આંધ્રમાં આવી પહોંચ્યા. ત્રીજા દિવસે દક્ષિણ ગુજરાતમાં વરસી પડ્યાના સમાચાર આવ્યા છે. પરંતુ વલસાડ-ચીખલીવાળો વરસાદ નિયમિત ક્રમે આવતા વરઘોડા પહેલાં આવી ચડેલા બેચાર મહેમાન જેવો લાગે છે. ખરેખર તો કેરળમાં વર્ષારાણીનું આગમન થાય એના એક સપ્તાહ પછી મુંબઇની દીખતી ધરાને ભીંની થવાનો વારો આવે અને એ પછીના એક અઠવાડિયે ગુજરાતમાં વર્ષારાણીના ઝાંઝરનો ધમધમાટ સાંભળવા મળે. પહેલાં તો મોસમના વરસાદની બહુ ધમાકેદાર પ્રવેશ થયો પરંતુ પર્યાવરણનું તંત્ર આપણી વિકાસલક્ષી મૂર્ખાણીઓના કારણે બિલકુલ ખોરવાઇ ગયું છે. શિયાળા-ઉનાળાની જેમ હવે ચોમાસું પણ ઢંગઢડા વગરનું થઇ ગયું છે.

લોકો કાળઝાળ ગરમીથી ત્રાહિમામ થઇ ગયા હોય, આજે તો વરસાદ ના આવે તો સાંજે ગામના તળાવમાં ભૂસકો મારવાનું ઘણાએ નક્કી કરી લીધું હોય, કેટલાકે પંદર દહાડા પહેલાનું રોજ તળાવમાં નહાવાનું શરું કરી દીધું હોય, ગામની ગાય-ભેંસો ઢોરમાર મારવા છતાં તળાવમાંથી બહાર નીકળવાનું નામ ના લેતી હોય, ચૂલાના તાપે રોટલા ઘડતી વહુવારુંઓ મેહૂલિયા ભેળી સાસુને અને સાસુ ભેળી આવી ગરમીમાં ચાર ચાર રોટલા ઠપકારી જતા ઘરના ભાયડાઓને મનમાં ને મનમાં ભાંડતી હોય એવા દિવસોમાં એકવાર વાયરો ધરતીથી પૂરેપૂરો રીસાઇ જાય, ઝાંડ, શંકરદાદા જેવી અજળ સમાધિમાં ઊભા રહી ગયા હોય, પશુઓ તો ઠીક પારેવાં પણ મૂંગા થઇ ગયા હોય, સર્વે મનુષના ચહેરા પરથી પરસેવાના રેલા ઉતરવા માંડ્યા હોય, એવા ટાણે, એટલે કે સાંજ પડવાના એકાદ પહોર પહેલાંના સમયે, આથમણી દિશામાં નૈરૂત્વના ખૂણાને આવરી લે તેવા વાદળનો એક કાળો ડુંગર ધીરે ધીરે પરથમીમાંથી પ્રગટ થઇને પ્રથમ સૂરજને ઢાંકી ઊંચો ચડવા માંડે. એવું થતાં ભૂખે બરાડતા પશુઓ ચૂપ થઇ જાય અને પક્ષીઓ હળવું ચકાચક કરતા આમતેમ સંતાવાની જગ્યા ખોળવા માંડે. પેલો આઘેથી કાળો ડુંગર દેખાતો હતો એ નજીક આવતા છૂળીયો રંગ પકડી દે. પહેલાં સરસ ઠંડો પવન આવે. "હાશ હવે કંઇક સારું લાગ્યું." એવું લોકો હજુ કહેતા જ હોય ત્યાં પવનની ગતિ તેજ થઇ જાય. આંખો ઉઘાડી ન શકાય એવી ધૂળ ઉડવા માંડે.

"અલ્યા બારીબારણાં વાસો નહીં ઘર ધૂળે ભરાઇ જશે." એવી સૂચનાઓ ઘરેઘરમાં આપવાનું શરું થઇ જાય. બારીબારણાં વસાઇ ગયા પછી કશું દેખાય નહીં, ફક્ત સૂસવાટા સંભળાયા કરે, વચવચમાં કયાંક પરતાં ઉડવાના, કયાંક ઝાડ પડવાના, કયાંક વાહન અથડાઇ પડવાના, એવા અવાજો સંભળાયા કરે. અચાનક જોરદાર વાદળનો કડાકો સંભળાય, સાથોસાથ વીજળીના ચમકારા બારીબારણાની તિરાડો સોંસરવા હાજરી પુરાવી દે. પહેલો વરસાદ જોતાં બાળકો કુદરતની આ લીલાને સમજી ના શકે. અને ગભરાઇને માની સોડમાં ભરાઇ જાય. ખાસ્સીવાર આ ખેલ ચાલ્યા પછી એકદમ ઘરના છાપરે તડ તડ તડ તડ કરતાં ફોરા પડવા માંડે. ધીમે ધીમે એનો વેગ વધવા લાગે અને પાણી એકઠાં થઇ નેવાં મારફ્તે ઘરના આંગણાાં દદડવા માંડે. વીજળીના ચમકારા અને વાદળના કડાકાભડાકા ચાલુ જ હોય ત્યાં ઘરનું કોઇ મોટું માણસ ધીરે રહીને બારી ઉઘાડે. બારી ઊઘડતાં જ હવાની ઠંડી લહેરખી ઘરમાં ફરી વળે. પછી તો બારણું ય ઉઘડે. એક પછી એક બધા ઓસરીમાં આવે. પહેલાં કોઇ વડીલ હથેળીમાં નેવાંની ધાર ઝીલે. એટલાથી સંતોષ ના થાય તો આખેઆખા આંગણામાં પલળવા દોડી જાય. એ પછી બાળકોથી રહેવાય? એ ય, પછી ધીંગામસ્તી, 'હો.. હો..' અને હુલ્લડ! માતાઓ કશુંક બૂમો પાડી પાડીને કહેતી હોય પણ એને સાંભળે કોણ?

વરસાદની વાત આવે એટલે અમરેલીનો કવિ રમેશ પારેખ યાદ આવ્યા વગર રહે નહીં. 'મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે' એ કાવ્યપંક્તિ તરત હોઠ પર રમવા માંડે. પરંતુ આપણે ઉપર મોસમના પહેલા વરસાદની વાત કરી ત્યારે એવો વિચાર આવે છે કે પિયુમિલન ઘેલી પ્રિયતમા પોતાના પ્રેમીને પહેલા વરસાદની પેઠે ધસમસતી મળવા આવી હોય એવી ક્ષણોને પ્રેમી પોતાના જીવનકાળ દરમિયાન કેવી રીતે ભૂલી શકે? એવી ક્ષણોની રમેશભાઇ કવિતામાં વાત કરવા બેસે તો કેવો ઝરમરીયો વરસાદ વરસે? તમે જ માણો ને!

તારૂં પહેલા વરસાદ સમુ આવવું
ફાગણની કાળઝાળ સુક્કી વેળામાં તારું
પહેલા વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું.
બળતે બપ્પોર ભીનો ભગરવ સુણીને
કાંઇ વાસ્યાં કમાડ અમે ખોલ્યાં
ચારે આંખોના એવા અંધારા વાદળાં
કે શમણે આવેલ મોર બોલ્યા
ઓચિંતા ધોધમાર સામસામે આપણે
ઊભાં રહ્યાં - નું પૂર આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું
ફળિયે પલાશ ફૂલ નીતરતું ઝાડ
અને હું રે વેરાઇ જાઉં રાનમાં
મારી હથેળીમાં ય એવી રેખાઓ
જેવી રેખા છે ખાખરાના પાનમાં
લીંબોળી વાવીને છાંયડા ઉછેરું પણ
ચોમાસું કેમ કરી વાવવું?
ફાગણની કાળઝાળ બળતી વેળામાં
તારું પહેલાં વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું.

- રમેશ પારેખ